# ગુજરાત વિધાનસભા સચિવાલય

વેબસાઈટ : www.gujaratassembly.gov.in
ઈ-મેઈલ : assembly@gujarat.gov.in
ફેક્સ નંબર : ૦૭૯-૨૩૨ ૨૦૯૦૨
ટેલીફોન નં. : ૦૭૯-૨૩૨ ૫૩૦૩૬

રાજ્યસભાની ચૂંટણી
અગત્યનું

નં. અ-૨/૩૯(૬૭)/૧૨૦૬૮
વિઠ્ઠલભાઈ પટેલ ભવન, સેકટર-૧૦,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

23 MAR 2020

પ્રેષક:-
મદદનીશ નિર્વાચન અધિકારી
રાજ્યસભા માટેની ચૂંટણી

પ્રતિ,
ગુજરાત વિધાનસભાના સર્વે સભ્યશ્રીઓ.

વિષય : રાજ્યસભાની દ્વિવાર્ષિક ચૂંટણી-૨૦૨૦
નોવેલ કોરોના વાયરસ (કોવિડ-૧૯) સંક્રમણને ધ્યાને રાખતાં રાજયસભાની ચૂંટણી દરમ્યાન તકેદારી રાખવા બાબત

**શ્રીમાન,**

ભારતના ચુંટણીપંચના તા.૨૧/03/૨૦૨૦ના પત્ર તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૧૮/03/૨૦૨૦ના પરિપત્રથી આપેલ સુચનાઓના અનુસંધાને આજ્ઞાનુસાર જણાવવાનું કે, તાજેતરમાં ફેલાયેલ નોવેલ કોરોના વાયરસ (કોવિડ-૧૯)સંક્રમણને ધ્યાને રાખી ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તથા ગુજરાત સરકાર દ્વારા તકેદારીના ભાગરૂપે ગાઇડલાઇન બહાર પાડવામાં આવેલ છે. જે માર્ગદર્શક સુચના અનુસાર નોવેલ કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા શક્ય તેટલા લોકોની ભીડ ઓછી રહે તે બાબતની કાળજી લેવા જણાવવામાં આવેલ છે.

આગામી તારીખ ૨૬/03/૨૦૨૦ ના રોજ રાજયસભા દ્વિવાર્ષિક ચુંટણી-૨૦૨૦ ગુજરાત વિધાનસભાના મકાનમાં ચોથા માળે યોજાનાર છે. જેમાં આપ મતદાર છો મતદાનના દિવસે આપ મતદાન કરવા આવો ત્યારે નોવેલ કોરોના વાયરસનું સંક્રમણ ન થાય તથા આ વાયરસનો ચેપ વધુ ન ફેલાય તે માટે પૂરતી તકાદારી લેવા ભારત સરકાર તથા ગુજરાત સરકારની માર્ગદર્શક સુચનાઓનું પાલન કરવા વિનંતી છે. ઉકત દિવસે મતદાન કરવા આવો ત્યારે સેનિટાઇઝ કર્યા બાદ જ મતદાન મથકમાં પ્રવેશ કરવા તથા મતદાન મથકમાં પ્રવેશ સમયે આપની ઓળખ પ્રસ્થાપિત કરવાની સુચનાઓનું પાલન થાય તે જોવા વિનંતી છે. વધુમાં,

મતદાનનના દિવસે મતદારોના વેઇટિંગ હોલમાં મતદારો વચ્ચે સલામત અંતર જાળવવા સંબંધેની માર્ગદર્શક સુચનાઓનું પાલન થાય તે જોવા પણ આપને નમ્ર વિનંતી છે.

આપની વિશ્વાસુ,

(રીટા મહેતા)

મદદનીશ નિર્વાચન અધિકારી

અને

નાયબ સચિવ

ગુજરાત વિધાનસભા સચિવાલય